


# મોસાદ અને CIAનું દાયકાઓ લાંબું વ્યૂહાત્મક યુદ્ધ અને સત્તાનો અંત

28 ફેબ્રુઆરી, 2026ની એ સવાર ઈરાનના ઈતિહાસમાં અને વૈશ્વિક જીઓપોલિટિક્સમાં એક કાળો અક્ષર સાબિત થઈ. છેલ્લા 36 વર્ષથી ઈરાન પર શાસન કરનાર અને દુનિયાના સૌથી સુરક્ષિત વ્યક્તિઓમાંના એક ગણાતા આયાતુલ્લા ખામેની પર થયેલો હુમલો એ કોઈ સામાન્ય એર સ્ટ્રાઈક નહોતી. તે મોસાદ (ઈઝરાયેલ) અને CIA(અમેરિકા) ના દસ વર્ષના અત્યંત જટિલ આયોજન, હાઈ-ટેક જાસૂસી અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સના સચોટ ઉપયોગનું પરિણામ હતું. કેવી રીતે એક એવા વ્યક્તિને ટ્રેક કરવામાં આવ્યો જે જમીનથી સેંકડો ફૂટ નીચે બંકરમાં રહેતો હતો.

ઈઝરાયેલ અને ઈરાન વચ્ચેનો સંઘર્ષ દાયકાઓ જૂનો છે. શરૂઆતના તબક્કે ઈઝરાયેલનો એકમાત્ર ઉદ્દેશ્ય ઈરાનને પરમાણુ શક્તિ બનતા રોકવાનો હતો. આ માટે ઈઝરાયેલે ઈરાનના અનેક પરમાણુ વૈજ્ઞાનિકોની હત્યા કરી અને સાયબર હુમલાઓ દ્વારા પ્લાન્ટ્સને નુકસાન પહોંચાડ્યું હતું.

પરંતુ 31 જાન્યુઆરી, 2018ના રોજ મોસાદે તેહરાનના એક વેરહાઉસમાંથી પરમાણુ કાર્યક્રમના અડધો ટન દસ્તાવેજોની ચોરી કરી ત્યારે ચિત્ર બદલાયું. આ દસ્તાવેજો પરથી ઈઝરાયેલની વોર કેબિનેટને સમજાયું કે ખામેનીની આગેવાની હેઠળની કોર ટીમ એટલી સક્ષમ હતી કે ગમે તેટલી સાઈટ્સ ઉડાડવા છતાં તેઓ ફરીથી તેને બેઠી કરી શકે એમ હતો. અહીંથી જ ઈઝરાયેલે પોતાની રણનીતિ બદલી - હવે તેમનું લક્ષ્ય ઈરાનનો પરમાણુ પ્રોગ્રામ નહીં, પણ 'ખામેની' હતા. ખામેની તેહરાનના 'પેસ્ટર સ્ટ્રીટ કમ્પાઉન્ડ'માં રહેતા હતા. આ વિસ્તાર માત્ર એક ઘર નહોતું, પણ એક લશ્કરી કિલ્લો હતો. તેની સુરક્ષા વ્યવસ્થા સમજવી જરૂરી છેઃ

**સુરક્ષા સ્તરોઃ** આ કમ્પાઉન્ડ ૩૦ એકરમાં ફેલાયેલું હતું અને 'થ્રી-લેયર સિક્યુરિટી' દ્વારા સુરક્ષિત હતું. સૌથી અંદરનું સ્તર 'વલી-એ-અમ્ર' નામના ખાસ ગાર્ડ્સ સંભાળતા હતા જે સીધા ખામેનીને રિપોર્ટ કરતા.

**અંડરગ્રાઉન્ડ શહેરઃ** આ કમ્પાઉન્ડની નીચે સેંકડો ફૂટ ઊંડા બંકરો હતા. લિફ્ટ દ્વારા નીચે પહોંચતા જ 5 મિનિટનો સમય લાગતો. આ બંકરો આખા તેહરાન નીચે 5 કિલોમીટર સુધી ફેલાયેલી ટનલો સાથે જોડાયેલા હતા. આ ટનલો મસ્જિદો, હોસ્પિટલો અને શાળાઓની નીચે ખુલતી હતી, જેથી હુમલાખોરો ગૂંચવાઈ જાય.

આખા વિસ્તારમાં મોબાઈલ જામર્સ, હાઈ-ફ્રીક્વન્સી ડિટેક્ટર્સ અને ડ્રોન વિરોધી જાળીઓ લગાવવામાં આવી હતી.ઈરાને આખા તેહરાનમાં ચીની કંપની 'હિકવિઝન'ના કેમેરા લગાવ્યા હતા. મોસાદની સાયબર યુનિટ 8200 એ આ કેમેરાના સોફ્ટવેરમાં રહેલા 'બગ'નો ઉપયોગ કરી તેમને હેક કર્યા. પરિણામે, કમ્પાઉન્ડની અંદરની ગતિવિધિઓ લાઈવ ઈઝરાયેલ પહોંચવા માંડી.

**સેટેલાઈટ જાસૂસીઃ** અમેરિકાની KH-11 અને ઈઝરાયેલની ઓફેક શ્રેણીની સેટેલાઈટ્સ 24 કલાક કમ્પાઉન્ડ પર નજર રાખતી હતી. આ સેટેલાઈટ્સ 500 કિમી ઉપરથી ગાડીની નંબર પ્લેટ વાંચવાની ક્ષમતા ધરાવતી હતી.

**પાઈન ગેપ અને સિગ્નલ ઈન્ટેલિજન્સઃ** ઓસ્ટ્રેલિયાના રણમાં સ્થિત 'પાઈન ગેપ' મિલિટરી બેઝ દ્વારા ખામેનીના અંગત સુરક્ષાકર્મીઓના વોકી-ટોકી અને સેટેલાઈટ ફોનના સિગ્નલો પકડવામાં આવતા હતા.

ઈઝરાયેલ પાસે કરોડો કલાકોના સીસીટીવી ફૂટેજ, ફોન કોલ્સ અને સેટેલાઈટ ઈમેજોનો ડેટા એકઠો થયો હતો. આ ડેટાને એનાલાઈઝ કરવા

> ઈઝરાયેલ અને ઈરાન વચ્ચેનો સંઘર્ષ દાયકાઓ જૂનો છે. શરૂઆતના તબક્કે ઈઝરાયેલનો એકમાત્ર ઉદ્દેશ્ય ઈરાનને પરમાણુ શક્તિ બનતા રોકવાનો હતો. આ માટે ઈઝરાયેલે ઈરાનના અનેક પરમાણુ વૈજ્ઞાનિકોની હત્યા કરી અને સાયબર હુમલાઓ દ્વારા પ્લાન્ટ્સને નુકસાન પહોંચાડ્યું હતું

માટે 'મેવન સ્માર્ટ સિસ્ટમ'નો ઉપયોગ થયો. આ AI એ ખામેનીની 'પેટર્ન ઓફ લાઈફ' શોધી કાઢીઃ ખામેનીના ડ્રાઈવરની સવારની આદતો, રસોઈયા અને ડોક્ટરોની મુલાકાતોનો સમય, ખામેનીના બોડી ડબલ અને અસલી ખામેની વચ્ચેનો ઝીણવટભર્યો તફાવત, AI એ 98.7% સચોટતા સાથે પ્રિડિક્ટ કર્યું કે કયા સંજોગોમાં ખામેની બંકર છોડીને ઉપર આવશે.

ઓપરેશન માટે માત્ર ટેકનોલોજી નહીં, પણ રાજકીય લીલી ઝંડીની જરૂર હતી. 2024માં ડોનાલ્ડ ટ્રમ્પ ફરીથી સત્તામાં આવ્યા બાદ ઈઝરાયેલને સંપૂર્ણ સહયોગ મળ્યો. ટ્રમ્પના શાસનકાળમાં 'ઓપરેશન રાઈઝિંગ લાયન'ને મંજૂરી મળી. ઈઝરાયેલને ખબર હતી કે જો ખામેની અને તેમની કોર ટીમને એકસાથે ખતમ કરવામાં આવે તો જ ઈરાની પ્રતિરોધને તોડી શકાય તેમ છે. 23 ફેબ્રુઆરી 2026ના રોજ મોસાદને પાકી બાતમી મળી કે 28મીની સવારે ખામેની તેમના 40 ટોચના લશ્કરી અને રાજકીય અધિકારીઓ સાથે પેસ્ટર સ્ટ્રીટ કમ્પાઉન્ડના ગ્રાઉન્ડ લેવલ પર એક મહત્વની મીટિંગ કરવાના છે. આ એક 'ગોલ્ડન ઓપોર્ચ્યુનિટી' હતી.

સવારે 7:30 ઈઝરાયેલના બેઝ પરથી F-35 અને F-15 જેટે ઉડાન ભરી. તે જ સમયે મધ્ય પૂર્વમાં અમેરિકી બેઝ પરથી પણ જેટ્સ રવાના થયા. હુમલા પહેલા જ ઈરાનના S-300 એર ડિફેન્સ નેટવર્કમાં એમ્બેડેડ માલવેર એક્ટિવ કરી દેવાયો. ઈરાનના રડાર સ્ક્રીન બ્લેન્ક થઈ ગઈ અને તેમનો કમાન્ડ સેન્ટર સાથેનો સંપર્ક તૂટી ગયો.

સવારે 9:40 ઈઝરાયેલ અને અમેરિકાના વિમાનોએ પેસ્ટર સ્ટ્રીટ કમ્પાઉન્ડ પર 30 થી વધુ 'બ્લુ સ્પેરો' હાઈપરસોનિક મિસાઈલો છોડી. આ મિસાઈલો સીધી તે હોલમાં ત્રાટકી જ્યાં ખામેની મીટિંગ કરી રહ્યા હતા.

હુમલામાં ખામેની, તેમના જનરલો અને ટોચના અધિકારીઓ ઘટનાસ્થળે જ માર્યા ગયા. આ હુમલા બાદ ઈરાનના સામાન્ય નાગરિકોના મોબાઈલમાં 'સાબા' એપ દ્વારા મેસેજો મોકલવામાં આવ્યા કે મદદ આવી ગઈ છે, જે દર્શાવે છે કે સાયબર ઈન્ફિલ્ટ્રેશન કેટલું ઊંડું હતું. ખામેનીનો પુત્ર મુજતબા ખામેની આ હુમલામાં બચી ગયો કારણ કે તે મીટિંગમાંથી થોડી મિનિટો પહેલા જ બહાર નીકળ્યો હતો, જે હાલ સત્તા સંભાળી રહ્યો છે.

આ ઓપરેશનની સફળતા પર અનેક પ્રશ્નો ઊભા થયા છે. સૌથી મોટો પ્રશ્ન એ છે કે અત્યંત સુરક્ષિત બંકર હોવા છતાં ખામેનીએ ગ્રાઉન્ડ પર મીટિંગ કેમ રાખી? શું ઈઝરાયેલે ખામેનીના અત્યંત નજીકના કોઈ વ્યક્તિને પોતાનો એજન્ટ બનાવ્યો હતો? ઈરાની તપાસ એજન્સીઓએ જનરલ ઈસ્માઈલ ખની પર શંકા વ્યક્ત કરી, જેઓ અનેક હુમલાઓમાં ચમત્કારિક રીતે બચી ગયા છે.

ખામેની પરનો આ હુમલો એ એક હત્યા નથી, પણ આધુનિક યુદ્ધકળાનું પ્રદર્શન છે. તે સાબિત કરે છે કે 21મી સદીમાં કોઈ પણ વ્યક્તિ, પછી ભલે તે સેંકડો ફૂટ ઊંડા બંકરમાં કેમ ન હોય, જો તે ટેકનોલોજી અને ડેટાના જાળમાં ફસાયેલ હોય તો તે સુરક્ષિત નથી. આ ઓપરેશન પાછળની દસ વર્ષની મહેનત, અબજો ડોલરનો ખર્ચ અને હજારો જાસૂસોનું બલિદાન છુપાયેલું છે.

હેપ્પી બર્થ-ડે મહાકવિઃ એક ટાગોર આવા પણ...

# કવિ કવિતા લખે, મહાકવિ ઈતિહાસ રચે

**ટાઇટલ્સઃ**
**કવિ કવિતા લખે, મહાકવિ ઇતિહાસ રચે.**
**(છેલવાણી)**



એકવાર બ્રિટિશ પત્રકારે રવીંદ્રનાથ ટાગોરને પૂછ્યું, "વિશ્વના મહાન કવિ તરીકે તમે કેવું અનુભવો છો?"

ટાગોરે તરત હસીને કહ્યું, "હું વિશ્વનો મહાન કવિ છું કે નહીં એ તો નથી ખબર...પણ આ રૂમમાં તો ચોક્કસ મહાન કવિ છું."

આપણે જેમને 'શાંતિનિકેતન' વિશ્વવિદ્યાલયના પ્રણેતા કે 'ગીતાંજલિ' માટે નોબલ ઇનામ વિજેતા કે ભારત અને બાંગ્લાદેશ એમ બબ્બે દેશોના રાષ્ટ્રગીતના રચયિતા રૂપે ઓળખીએ છીએ, એવા ગુરૂદેવની હમણાં ૭ તારીખે 167મી જન્મ-જયંતી હતી. ટાગોર ભલે ગંભીર લખતા પણ સતત સોગિયું ડાચું લઈને નહોતા ફરતા. આપણે ત્યાં તો પાર્ટ-ટાઈમ કવિઓ ફૂલ-ટાઈમ ગંભીરતાનો ઝભ્ભો પહેરીને ફરતા હોય છે પણ મહાકવિ, દુનિયા કે ખુદ પર પણ હસી લેતા.

ત્યાં સુધી કે હળવી હાજર જવાબીમાં એમણે ગાંધીજીને પણ છોડ્યા નહોતા. એકવાર ગાંધીજી, શાંતિનિકેતન ગયેલા ત્યારે ટાગોરને ટપારેલા કે "જમવાનું પીરસવામાં ને સાથે બેસીને જમવામાં જાતિભેદ ના હોવો જોઈએ. નોકરોની મદદ વિના વિદ્યાર્થીઓ અને શિક્ષકોએ રસોઈથી માંડીને બધાં જ કામ જાતે કરવા જોઈએ." ત્યારે ટાગોરે આખી વાત પર હસી નાખીને કહેલું, "હું પોતે જાતિભેદમાં નથી માનતો પણ વિદ્યાર્થીઓ એમની મરજી વિરુદ્ધ કોઇ પણ વાત સ્વીકારે એ માટે હું એમના પર જબરદસ્તી ના કરી શકું કારણ કે આ હોસ્ટેલ છે, તમારો આશ્રમ નથી!"

કેટલાંને ખબર છે કે ટાગોરે અદ્ભૂત હાસ્ય-વાર્તાઓ પણ લખી છે? સદીઓથી લોકો, ભગવાને બનાવેલી દુનિયામાં વાતે વાતે વાંધા કાઢતા હોય છે એટલે ટાગોરની 'દેવતાના રાજીનામાં' વ્યંગકથામાં બધા દેવતાઓ કંટાળીને નોકરી છોડવાનું નક્કી કરે છે. જેમ કે યમરાજે કહ્યું- "આજ સુધી હું જ મૃત્યુલોકમાં સૌથી મોટા ભયનું કારણ હતો પણ હવે મારા કરતાં યે વધારે ભયજનક પ્રાણીઓ પેદા થઈ ગયા છે. એટલે મારો 'યમ-દંડ' પોલીસોને સોંપીને આજથી રાજીનામું આપું છું."

વરૂણ દેવે આંસુ વહાવીને કહ્યું, "બાટલી-વાહિની વારુણીએ (દારૂએ) મારું પત્તું કાપી નાખવાનો સંકલ્પ કર્યો છે. એટલે સમયસર માન જાળવીને ખસી જાઉં એ જ ઠીક છે!"

વાયુએ કહ્યું, "દુનિયામાં અત્યારે આઠે ય દિશામાંથી હજાર જાતના વાયુ (પ્રદૂષણ) વાય છે, એટલે હવે હું આરામ લઈશ!"

ચંદ્રમાએ કહ્યું, "પૃથ્વીલોકમાં કવિઓ પોતાની પ્રેમિકાનાં પગના નખને મારા કરતાં વધુ મહત્ત્વ આપે છે. એટલે જ્યાં સુધી કવિ રમણીભવનમાં પાદુકાનો સંપૂર્ણ પ્રચાર ન થાય ત્યાં સુધી હું અંતઃપુર (મહેલ)માંથી બહાર નીકળીશ નહીં."

..તો એક ટાગોર આવા પણ હતા.

**મિજાજ મસ્તી**
**સંજય છેલ**

**ઈંટરવલઃ**
**છૂ કર, મેરે મન કો, કિયા તુંને, ક્યા ઇશારા?**
**(રવીન્દ્ર- સંગીતવાળું ફિલ્મી ગીત)**

1932માં ગાંધીજીએ અત્યંત નિરાશ અવસ્થામાં યરવડા જેલમાં ઉપવાસ આદરેલા. ત્યારે 72 વરસે છેક કોલકતાથી વૃદ્ધ ટાગોર, બાપુને હિંમત આપવા આવેલા ને અશ્રુભીની આંખે ગીત ગાયેલુંઃ

"જીવન જ્યારે સૂકાઇ જાયે,
કરૂણાં વર્ષતા આવો!"

પણ એ જ ટાગોર-ગાંધી વચ્ચે 'અહિંસા' કે 'સ્વદેશી' વગેરેને લઈને સતત ટકરાવ પણ ચાલતો. એકવાર સાબરમતી આશ્રમમાં જ્યારે ટાગોર પહોંચ્યા ત્યારે ગાંધીજી હાજર નહોતા. ત્યારે એક યુવાન છોકરો, ટાગોરને આવકારવા આવ્યો ને એણે 'સ્વાવલંબન ને બ્રિટિશ શાસન સામે પ્રતિકારના પ્રતિકાત્મક કાર્ય' તરીકે ટાગોરને ચરખો કાંતવા માટે કહ્યું. ટાગોર ના પાડી કારણ કે એક રસિક રસકવિ તરીકે ગાંધીજીના 'ચરખા કાંતવાના આગ્રહ'ની વાત એમને બહુ જ બકવાસ, બોરિંગ અને 'વિકાસને પાછળ ધકેલનારી પ્રવૃત્તિ' લાગતી, જેની જાહેરમાં એમણે ટીકા પણ કરેલી. પરંતુ એ દિવસે છોકરા પાસે ટાગોર પીગળી ગયા. જેમ જેમ એમણે ચરખો કાંતવાનો શરૂ કર્યો કે એ પ્રક્રિયા એમને ધ્યાનસ્થ કરતી શાંતિપૂર્ણ લાગી.

આ જાણીને ગાંધીજીએ કહ્યું, "ગુરૂદેવ, તમારે રોજ ચરખો કાંતવો જોઈએ."ત્યારે ટાગોરે હસીને માર્મિક પંચ માર્યો, "મહાત્મા, તમે જ્યારે રોજ એક કવિતા લખશો ત્યારે હું પણ રોજ ચરખો કાંતવાનું શરૂ કરીશ!"

'કાબુલીવાલા' કે 'ડાકઘર' જેવી ઈમોશનલ કૃતિઓના ધીર-ગંભીર લેખક ટાગોર, રમૂજી નાટક 'વિદ્યાર્થીની પરીક્ષા'માં ઉંડાણવાળો વ્યંગ કરે છેઃ

> આપણે ત્યાં તો પાર્ટ-ટાઇમ કવિઓ ફૂલ-ટાઇમ ગંભીરતાનો ઝભ્ભો પહેરીને ફરતા હોય છે પણ મહાકવિ, દુનિયા કે ખુદ પર પણ હસી લેતા. ત્યાં સુધી કે હળવી હાજરજવાબીમાં એમણે ગાંધીજીને પણ છોડ્યા નહોતા

શિક્ષકઃ ઈતિહાસમાં સિરાજ-ઉ-દૌલાને કોણે ખતમ કર્યો?

બાળકઃ ઊધઈએ! (માસ્તર, એને સોટી મારે) સાહેબ, ખરેખર! એકલો સિરાજ-ઉ-દૌલા જ નહીં પણ આખે આખો ઈતિહાસ જ ઉધઈએ ખતમ કર્યો છે ને?

વળી ટાગોર 'પોપટની વાર્તા'માં જાણે તેઓ કોઇ બીજા જ લેખકનું રૂપ ધારણ કરીને લખે છે કેઃ એક શેઠ, પોપટ ખરીદીને લાવે છે ને એને બોલવાની તાલિમ આપવા માટે ખાસ ટ્રેનર રાખે છે. ટ્રેનર, દિવસો સુધી પોપટને બોલતા શીખવે છે પણ પોપટ તો બોલે જ નહીં. હવે શેઠ અકળાય છે ત્યારે ટ્રેનર એમને કહે છે કે 'પોપટને થોડા દિવસ એકલો રૂમમાં પૂરી રાખો..' તો ક્યારેક કહે છે કે 'પોપટ બહુ જિદ્દી છે, જલ્દી નહીં માને'.. વગેરે વગેરે. છેવટે શેઠ, ગુસ્સામાં પોપટને જાનથી મારવા જાય છે ત્યારે ટ્રેનર શેઠને રોકીને કહે છેઃ 'પોપટને મારશો નહીં, મારામાં જ કોઇ ખામી હશે.'

હવે ગુસ્સામાં શેઠ, ટ્રેનરને મારવા જાય છે ત્યારે પોપટ પહેલીવાર બોલી પડે છેઃ "શેઠ, એ બિચારાને મારતા નહીં. એણે તો બહુ કોશિશ કરી પણ શું છે કે હું જ બોલવાના મૂડમાં નહોતો!"

અહીં ટાગોર બહુ સ્માર્ટલી કહે છે કે કોઈને બદલવાનો કે સુધારવાનો પરાણે પ્રયત્ન કરવો નહીં. જુઓને 'જનગણમન ચડે કે 'વંદેમાતરમ્' જેવી ચર્ચા કરવામાંથી આપણે હજી યે આટલાં વરસે પણ સુધર્યાં છીએ? કહે છે એક માણસની અંદર 2-4 માણસ વસે છે તો ટાગોર જેવી હસ્તીમાં કંઇ કેટલાં સેંકડો 'ટાગોર' વસતા હશે? 'શતખંડ'માંના કેટલા 'ખંડ'ને આપણે સમજી શક્યા છીએ?

**એન્ડ-ટાઈટલ્સઃ**
**આદમઃ જોગિંગ કરવા આવવું છે?**
**ઈવઃ એકલો જાને રે..**

# વિરાટ, રાહુલ, સેમસન અને ભુવી

## પોતાની રમતમાં કરેલા ફેરફારથી બન્યા સીઝનના સ્ટાર ખેલાડી

**IPLમાં, પાવરપ્લેના પાવર હિટરોએ રમતને બદલી નાખી છે. પાવરપ્લે ઉપરાંત, ઈમ્પેક્ટ પ્લેયર રૂલ, ટૂંકી બાઉન્ડ્રી અને વિસ્ફોટક સ્ટ્રાઈક રેટ મેળવતા બેટ્સમેનોના વલણને કારણે ખેલાડીઓ માટે તેમની રમતને અનુકૂલિત કરવી અનિવાર્ય બની ગઈ છે, નહીં તો, આ T20 ફોર્મેટમાં શ્રેષ્ઠતા મેળવવી દરેકની પહોંચની બહાર છે. ફક્ત બેટ્સમેન જ નહીં, પરંતુ ઘણા બોલરોએ પણ તેમની રમતમાં એટલા ઝડપી ફેરફારો કર્યા છે કે વિશ્વભરના ચાહકો તેમજ ક્રિકેટ નિષ્ણાતોએ તેમની પ્રશંસા કરી છે. AI ટેકનોલોજી જેવી તેમની રમતોને સમાયોજિત કરીને, વિરાટ કોહલી, કેએલ રાહુલ, સંજુ સેમસન અને ભુવનેશ્વર કુમાર જેવા ખેલાડીઓ રમત પર પ્રભુત્વ મેળવી રહ્યા છે.**

**ખેલખેલમેં**

> વિરાટ કોહલી, કેએલ રાહુલ, સંજુ સેમસન અને ભુવનેશ્વર કુમાર જેવા દિગ્ગજો AI ટેકનોલોજીની જેમ પોતાની રમતમાં ફેરફાર કરીને હાલની સિઝનમા અન્ય પર પ્રભુત્વ મેળવી રહ્યા છે. આ ક્રિકેટ સ્ટાર્સે તેમની રમતોમાં કયા ફેરફારો કર્યા છે જેના કારણે તેઓ દરેક માટે રોલ મોડેલ બન્યા છે એ સમજવું જરૂરી છે

### સ્વિંગ કિંગ ભુવનેશ્વરની કળાનો કોઇ પાસે જવાબ નથી

ફ્લેટ વિકેટ અને ટૂંકી બાઉન્ડ્રીના નિયમો વચ્ચે પણ, ઘણા બોલરોએ બેટ્સમેનોને તેમના પર પ્રભુત્વ મેળવવા દીધું નથી. ભુવનેશ્વર કુમારે પોતાના સ્વિંગ અને વેરિયેશનથી વિરોધી બેટ્સમેનોને કાબૂમાં રાખ્યા છે. ભુવીએ નવ મેચમાં 7.68 ના ઈકોનોમી રેટથી 17 વિકેટ લીધી છે, જે બધી ટીમોના બેટ્સમેન પર અસર છોડી ગઈ છે. ભુવનેશ્વર કુમાર 7 મેના રોજ લખનૌ સામે પોતાની 200મી IPL મેચ રમશે. ભુવનેશ્વર કુમારે 2014માં 20, 2016માં 23, 2017માં 26 અને 2025માં 17 વિકેટ લીધી હતી. ગયા વખતની જેમ, ભુવનેશ્વર કુમાર આ સિઝનમાં પણ 17 વિકેટના આંકડે પહોંચી ગયો છે અને ફરી એકવાર પોતાની ટીમને વિજય તરફ દોરી જવા માટે તૈયાર દેખાય છે.



### સફેદ બોલ ક્રિકેટનો GOAT : વિરાટ કોહલી

આપણે વિરાટ કોહલીની રમત, તેના ઉત્સાહ, તેના સ્વભાવ, તેની શૈલી અને તેના નેતૃત્વ વિશે કલાકો સુધી વાતો કરી શકીએ છીએ, પરંતુ હજુ પણ ઘણું બધું બોલવાનું બાકી રહેશે. પરંતુ સૌથી અદ્દભૂત વાત એ છે કે બદલાતા સમય અને બદલાતા ક્રિકેટને અનુરૂપ બનવાની તેની કળા. 37 વર્ષીય વિરાટ હજુ પણ કોઈપણ યુવા ખેલાડીને કઠિન સ્પર્ધા આપે છે. 2008માં જ્યારે વિરાટ કોહલીએ IPL કારકિર્દી શરૂ કરી હતી, ત્યારે પહેલી સીઝનમાં તેનો સ્ટ્રાઈક રેટ 105 હતો અને બીજી સીઝનમાં તેનો સ્ટ્રાઈક રેટ 114 હતો. 2008થી અત્યાર સુધી, જ્યારે વિરાટ 37 વર્ષનો છે, ત્યારે તે IPLમાં નવા અને જૂના દિગ્ગજોને તેના કારકિર્દીના શ્રેષ્ઠ સ્ટ્રાઈક રેટ 166 સાથે આકરી સ્પર્ધા આપી રહ્યો છે. અત્યાર સુધી રમાયેલી નવ મેચોમાં, વિરાટે 379 રન બનાવ્યા છે, જેમાં ત્રણ અડધી સદી અને 166નો સ્ટ્રાઈક રેટનો સમાવેશ થાય છે. તે સમગ્ર IPL દરમિયાન સતત ટોચના 10 રન બનાવનારા ખેલાડીઓમાં સ્થાન ધરાવે છે. ગયા સિઝનમાં, વિરાટે 145ના સ્ટ્રાઈક રેટથી આઠ અડધી સદી સહિત 657 રન બનાવ્યા હતા. જો વિરાટ આ ફોર્મ ચાલુ રાખે છે, તો તેની ટીમ સતત બે IPL ટાઇટલ જીતવાની મજબૂત દાવેદાર સાબિત થઈ શકે છે.



### કેએલ રાહુલ : દિલ્હીનો શક્તિશાળી પાવર હિટર

દિલ્હી, કર્ણાટક અને ટીમ ઈન્ડિયાના સ્ટાર ખેલાડી કેએલ રાહુલનું નામ છેલ્લી એક ડઝન સીઝનમાં IPLમાં સૌથી વધુ ફેરફાર કરનારા ટોચના ખેલાડીઓની યાદીમાં ટોચ પર હશે. કેએલ રાહુલે 2013માં તેની IPL કારકિર્દીની શરૂઆત કરી હતી, જ્યારે તેનો સ્ટ્રાઈક રેટ 125 હતો. વર્તમાન સીઝનમાં, તે દિલ્હીના ઓપનર તરીકે 181 ના સ્ટ્રાઈક રેટથી રમી રહ્યો છે. આ સીઝનમાં, તેણે એક સદી અને ત્રણ અડધી સદી ફટકારી છે. તેણે 10 મેચમાં 181 ના સ્ટ્રાઈક રેટથી 445 રન બનાવીને ઓરેન્જ કેપ પણ જીતી હતી. રાહુલે કહ્યું કે, 10 વર્ષ પહેલાં, હું T20 ટીમનો ભાગ બનવા માટે કંઈ પણ કરી શક્યો હોત. મને ક્યારેય T20 ખેલાડી, કે સફેદ બોલનો સારો ખેલાડી પણ માનવામાં આવતો ન હતો; મને 'ટેસ્ટ ખેલાડી'નું ટેગ આપવામાં આવ્યું હતું. તેથી, તે છબીમાંથી બહાર નીકળવું, મારી સફેદ બોલની રમત વિકસાવવી અને અહીં પહોંચવું એ મારા માટે ગર્વની વાત છે. રાહુલે ટોચના ક્રમમાં આક્રમક શૈલી અપનાવવા અંગે કહ્યું કે છેલ્લા બે-ત્રણ વર્ષમાં T20 ક્રિકેટમાં ઘણો ફેરફાર થયો છે, ખાસ કરીને IPLમાં. તમે જોઈ શકો છો કે ટીમો કેવી રીતે જીતી રહી છે, અને તાજેતરમાં, પાવરપ્લે જીતતી ટીમો ઘણીવાર મેચ પણ જીતે છે. થોડા વર્ષો પહેલા, મેચનો નિર્ણય સામાન્ય રીતે 14મી અને 20મી ઓવર વચ્ચે થતો હતો. પાવરપ્લે હંમેશા મહત્વપૂર્ણ હતો, પરંતુ હવે તેનું મહત્વ વધી ગયું છે."



### ચેન્નાઈ એક્સપ્રેસ સંજુ સેમસન શ્રેષ્ઠ ફોર્મમાં

માજી ભારતીય કેપ્ટન સુનીલ ગાવસ્કર અને વીરેન્દ્ર સેહવાગની જેમ, માજી ઓસ્ટ્રેલિયાના મહાન ખેલાડી એડમ ગિલક્રિસ્ટે પણ સંજુ સેમસનની પ્રશંસા કરી છે. ગિલક્રિસ્ટે કહ્યું કે સંજુ સેમસન હાલમાં વિશ્વના શ્રેષ્ઠ T20 ઈન્ટરનેશનલ બેટ્સમેનોમાંનો એક છે. હું તેને વર્લ્ડકપથી જોઈ રહ્યો છું. તે જે રીતે જવાબદારી લે છે, ટીમ માટે રમે છે અને મેચો પૂર્ણ કરે છે, તેણે મને વારંવાર પ્રભાવિત કર્યો છે. તે ખરેખર પ્રશંસનીય છે. સંજુ સેમસન એક અસાધારણ સફેદ બોલનો બેટ્સમેન છે. સંજુએ આ IPL સિઝનમાં વધુ બે સદી ફટકારી છે, જેનાથી તેનો કુલ સ્કોર પાંચ થયો છે. આ સિઝનમાં, તેણે ૧૯૮ ના સ્ટ્રાઈક રેટથી બે સદી અને એક અડધી સદી સાથે ૪૦૨ રન બનાવ્યા છે, જે એક જબરદસ્ત મેચ વિજેતા સાબિત થયો છે. સંજુએ સતત પોતાની રમતમાં સુધારો કર્યો છે. 2013માં, જ્યારે તે IPLની પોતાની પહેલી સિઝન રમતી હતી, ત્યારે સંજુનો સ્ટ્રાઈક રેટ 116 હતો, જે 12 વર્ષમાં વધીને 168 થયો છે. આ સિઝનમાં, સંજુએ પોતાનું શ્રેષ્ઠ પ્રદર્શન આપ્યું છે.

